સેક્રેટેરીયટ ડીપાર્ટમેન્ટલ પરચેઝ
કમિટીની રચના કરવા બાબત

ગુજરાત રાજ્ય
મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્ર: આઇસીડી-૧૦૨૦૦૨-૨૧૬-બ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૮-૦૬-૨૦૧૮

વંચાણે લીધા:

(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગનો તા.૪-૧૦-૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક: એસપીઓ-૧૦૨૦૧૫/૬૯૧૦૯૩/ચ

(૨) કમિશ્નર, મહિલા અને બાળ વિકાસની કચેરી,ગાંધીનગર નો તા.૨૭-૪-૨૦૧૮ નો પત્ર ક્ર: પોષણ-3/GeM પોર્ટલ ખરીદી/SDPC/ખરીદ સમિતી રચના/દરખાસ્ત/આઇસીડીએસ/૨૧૧૮૪/૨૦૧૮

ઠ રા વ :

ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના ઉદ્યોગ અને ખાણ વિભાગનો તા.૪-૧૦-૨૦૧૭ નો ઠરાવથી તમામ ખરીદીઓ ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલ મારફતજ કરવાનું ઠરાવવામાં આવેલ છે. ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના કમિશ્નર, મહિલા અને બાળ વિકાસની કચેરી,ગાંધીનગર નો તા.૨૭-૪-૨૦૧૮ નો પત્ર થી સંકલિત બાળ વિકાસ યોજના હેઠળની રૂ. ૫ કરોડ સુધીની ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટ પ્લેસ GeM પોર્ટલ મારફત કરવા અંગે સેક્રેટેરીયટ ડિપાર્ટમેન્ટલ પરચેઝ કમિટીની રચના કરવા દરખાસ્ત કરેલ છે.

ઉદ્યોગ અને ખાણ વિભાગનો તા.૪-૧૦-૨૦૧૭ નો ઠરાવ અનુસાર નીચે મુજબ સેક્રેટેરીયટ ડીપાર્ટમેન્ટલ પરચેઝ કમિટીની રચના કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧ | સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ | અધ્યક્ષ |
| ૨ | નાણાંકિય સલાહકાર , મહિલા અને બાળ વિકાસ વિભાગ | સભ્ય |
| ૩ | નાયબ ઉદ્યોગ કમિશ્નર અથવા મદદનીશ ઉદ્યોગ કમિશ્નર | સભ્ય |
| ૪ | નાયબ સચિવશ્રી(આઇસીડીએસ), મહિલા અને બાળ વિકાસ વિભાગ | સભ્ય |
| ૫ | નિયામકશ્રી, આઈસીડીએસ (ખરીદ કર્તા ખાતાના વડા ) | સભ્ય સચિવ |
| ૬ | ખરીદી અંગેના તકનિકી નિષ્ણાંત (તજજ્ઞ) | આમંત્રીત |

આ સમિતિએ રૂ.૩૦,૦૦,૦૦૦/ થી રૂ. ૫,૦૦,૦૦,૦૦૦/ સુધીની ખરીદી GeM પોર્ટલ પર ઓછામાં ઓછા ૭- દિવસની બીડ (ટેન્ડર) કર્યા બાદ SDPC (Secretariat Departmental Purchase Committee) ખરીદ સમિતીની મંજુરીથી ખરીદી કરી શકાશે.

ઉદ્યોગ અને ખાણ વિભાગનો તા.૪-૧૦-૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક: એસપીઓ-૧૦૨૦૧૫/૬૯૧૦૯૩/ચ મુજબના તમામ પ્રક્રિયા અનુસરીને અમલ કરવાનો રહેશે.

ગુજરાત ના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ:

માન. મંત્રીશ્રી (મબાક) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય ગાંધીનગર.

માન. રા.ક.મંત્રીશ્રી (મબાક) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય ગાંધીનગર.

એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ

સચિવશ્રીના અંગત સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી,૨૦, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

નાયબ/મદદનીશ ઉદ્યોગ કમિશ્નરશ્રી, મધ્યસ્થ સરંજામ ખરીદ તંત્ર, ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

અધિક ઉદ્યોગ કમિશ્નરશ્રી (સી.એસ.પી.ઓ.), ઉદ્યોગ ભવન, ગાંધીનગર

સિલેક્ટ ફાઇલ